# સુરેન્દ્રનગર જીલ્લો




- સુરેન્દ્રનગર જીલ્લાની આજુબાજુ પૂર્વ અમદાવાદજિલ્લો ,પશ્ચિમમાં મોરબી રાજકોટ ,દક્ષિણ ભાવનગર જિલ્લો ઉત્તરે કચ્છ અને મહેસાણા જિલ્લાની સરહદો આવેલીછે. આ જીલ્લાનો વિસ્તાર ઝાલાવાડ તરીકે ઓળખાય છે.
- સુરેન્દ્રનગર સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર માનવામાં આવે છે.
- ક્ષેત્રફળ :-૯,૨૭૧ ચો કિમી
- સ્થાપના :-તા.૧/૫/૧૯૬૦
- વિધાનસભાની કુલ સીટો :-૫ { દસાડા (એસ.સી), લીમડી, વઢવાણ, ચોટીલા, અને ધાંગધ્રા }
- વસ્તી :-૧૭,૫૬,૨૬૮ (૨૦૧૧)
- અક્ષર જ્ઞાન :-૭૨.૧૩%
- સ્ત્રી પુરૂષ પ્રમાણ:- ૯૩૦(દર હજારે)
- વસ્તી ગીચતા :-૧૭૧એક ચો.કિમી (વ્યક્તિ દીઠ)
- મુખ્ય મથક:- સુરેન્દ્રનગર (પ્રાચીન નામ વઢવાણ, વર્ધમાનપુર)
- પિન કોડ નં :- ૩૬૩૦૩૧
- આરટીઓ નંબર :-GJ -13
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- તાલુકાઓ :-૧૦ (1)ચૂડા , (2) દસાડા , (3)ધાંગધ્રા, (4)લખતર,(5)મૂળી, (6)લીંમડી(7) ચોટીલા, (8)વઢવાણ, (9)થાનગઢ (૧૦) સાયલા
  (1) તાલુકા પંચાયતની કુલ સીટો :-૧૦ (બેઠકો-૧૮૪) થાનગઢ-૧૬ (2)દસાડા-૨૨(3) ધાંગધ્રા-૨૦, (4) લખતર-૧૮,(5) મૂળી-૧૮, (6)લીંમડી-૧૮, (7) ચોટીલા-૧૮ (8) વઢવાણ-૧૮, (9)ચુડા-૧૬ (૧૦) સાયલા- ૨૦
- જિલ્લા પંચાયતની કુલ સીટો :- ૩૪
- નગરપાલિકા સંખ્યા અને વોર્ડ :- ૩( ૨૫) (કુલ બેઠકો-૧૦૦) ( ધાંગધ્રા -૯(૩૬),લીબંડી- ૭(૨૮)અને વઢવાણ -૯ (૩૬)
- ગામડાંઓ:- ૬૬૧

- ❖ શૈક્ષણિક સંસ્થાઓ :-
    - મેડીકલ કોલેજ , સુરેન્દ્રનગર
    - સી.વિ.શાહ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી કોલેજ
- ❖ આ જીલ્લાના મુખ્ય શહેરો :-ધ્રાગધ્રા,ચોટીલા ,હળવદ ,લીંમડી,સાયલા, થાન ,મૂળી, લખતર
- ❖ રાષ્ટ્રીય ધોરીમાર્ગ :- નં.-૪૭ આ જીલ્લામાંથી પસાર થાય છે.
- ❖ નદીઓ:- કંકાવતી, ગોધરા,ભોગાવો ,સુખભાદર,રૂપેણ, બ્રહ્માણી, ફાલ્કુ
- ❖ ડેમ :- નાયકા અને ધોળીધજા ડેમ(ભોગાવો નદી)
- ❖ પર્વતો- ચોટીલા ડુંગર, ભીમોરા ડુંગર, માંડવ અને થાંગા
- ❖ સરોવર :- નળ સરોવર ( લખતર તાલુકો), છાલિયા,રામસાગર અને જોગસર
- ❖ વાવ :- માધાવાવ (વઢવાણ), માત્રામોતી વાવ (રાયપરા),રાજબાઈ વાવ(રામપુર),ગંગાવાવ અને લાખુવાવ (વઢવાણ),ચૌમુખી વાવ(ચોબારી-ચોટીલા)
- ❖ કુંડ :- ત્રિદેવ કુંડ(સુરેન્દ્રનગર), ગંગવો કુંડ (વઢવાણ) નળ દમયંતિ કુંડ (ઝીંઝુવાડા)
- ❖ મેળો :- તરણેતરનો મેળો
- ❖ ડેરી :- સૂરસાગર ડેરી (સુરેન્દ્રનગર)
- ❖ કિલ્લાઓ :- વઢવાણનો કિલ્લો, કંડોલનો કિલ્લો ઝીઝૂવાડાનો કિલ્લો
- ❖ જળાશયો(ડેમ) :- ધોળીધજાડેમ(વઢવાણ), બ્રાહ્મણી ડેમ, ફલકુ ડેમ, થોલીયાલી ડેમ,નાયકા ડેમ(લીંબડી)
- ❖ મુખ્ય પાક:- કપાસ, બાજરી, ઘઉં, જુવાર,ઈસબગુલ
- ❖ ખનિજ:- સિલિકા સેન્ડ, બ્લેક સ્ટોન, સેન્ટ સ્ટોન, ચૂનાનો પથ્થર,કોલસો અને ગ્રેનાઈટ મીઠું (ખારાઘોડા)
- ❖ ઉધોગ:- દૂધ સાગર ડેરી, સિરામિક, ચિનાઈ માટીનાં વાસણો (થાનગઢ),મશીનરી,સોડાએશ (ધાંગધ્રા)
- ❖ ડેરી ઉદ્યોગ :- સુરસાગર (સુરેન્દ્રનગર)
- ❖ વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ❖ રાજ્યકક્ષાનું વન:- ભક્તિ વન (૨૦૦૮, ચોટીલા)
- ❖ અભયારણ્ય ;- નળ સરોવર પક્ષી અભયારણ્ય (લખતર)અને ઘુડખર અભયારણ્ય (ઘુડખર)
- ❖ જોવાલાયક સ્થળો :-ત્રિનેત્રેશ્વર મહાદેવ નું મંદિર (તરણેતર ,થાન ) શરણેશ્વર મહાદાવનું મંદિર (હળવદ ) સુંદરી ભવાની (હળવદ ),ચામુંડા માતાજીનું મંદિર (ચોટીલા),રાણકદેવી મંદિર,ઘુડખર અભયારણ્ય,સુંદરી ભવાની મંદિર (હળવદ),સાયલા , રાજરાજેશ્વર માતાનું મંદિર ઝીંઝુવાડા, હવા મહેલ (વઢવાણ), લાલજી મહારાજની જગ્યા (સાયલા), બીએપીએસ સ્વામીનારાયણ મંદિર (સુરેન્દ્રનગર), નવલખા શિવ,મંદિર (સેજકપર), રાણકદેવીનું મંદિર (વઢવાણ)

<u>વિશેષ નોંધ :</u>

- ❖ સુરેન્દ્રનગર શહેરનું નામ રાજા સુરેન્દ્રસિંહજીના નામ પરથી પડેલું છે.
- ❖ મહાન તસવીરકાર ઝવેરીલાલ મહેતા હળવદના વતની હતા.
- ❖ ભારતમાં ટેલીકોમ ક્ષેત્રે ક્રાંતિ લાવનાર સામ પિત્રોડા પણ હળવદ ગામના વતની હતા.
- ❖ સુરેન્દ્રનગર જીલ્લો સૌરાષ્ટ્ર અને કચ્છ ને જોડે છે
- ❖ સુરેન્દ્રનગર જિલ્લાનો કચ્છના નાન રન અને નળ સરોવરનો વિસ્તાર ઝાલાવાડ તરીકે ઓળખાય છે.
- ❖ વઢવાણના ' મરચાં ' પ્રખ્યાત છે.
- ❖ ગુજરાતમાં કપાસનું સૌથી વધુ ઉત્પાદન થાય છે.
- ❖ ગુજરાતમાં સૌથી વધુ પાતાલ કૂવા સુરેન્દ્રનગરમાં છે.
- ❖ ચોટીલામાં પ્રખ્યાત ચામુંડા માતાજીનું મંદિર ૩૬૫ મીટરની ઊંચાઈએ આવેલુ છે
- ❖ સુરેન્દ્રનગર ભોગાવો નદીના કિનારે વસેલું છે
- ❖ ધ્રાંગધ્રા શહેર ગોધરા નદીને કિનારે વસેલું છે.
- ❖ સુરેન્દ્રનગર રાણકદેવીના મંદિર માટે પ્રખ્યાત છે
- ❖ સુરેન્દ્રનગરમાં દવા,રંગ ,રસાયણ બનાવાવનો ઉદ્યોગ વિકસ્યો છે
- ❖ ઝીંઝુવાડા સ્થાપત્યકલાનો ઉત્તમ નમૂનો છે.



gnanbhandar.com

- ધ્રાગધ્રામાં સોડાએશ તથા  થાનમાં ચીનાઈ માટીનો ઉધોગ વિકસ્યો છે
- થાન પાસે  ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર માં પાંચ દિવસનો વિશ્વપ્રસિદ્દ્ધિ તરણેતર નો મેળો ભરાય છે
- આ જીલ્લાના કપાસ ,મગફળી શેરડી ઘઉં મુખ્ય પાકો છે
- સુરેન્દ્રનગરને ઝાલાવાડના નામે પણ ઓળખવામાં આવે છે.
- સુરેન્દ્રનગર જિલ્લામાં મુખ્યત્વે કાર્બોસેલ અને ગ્રેનાઈટ ખનીજ આવેલ છે.
- લોક મેળાઓ-તરણેતરનો મેળો,લીંખડીનો મેળો,અષાઢી બીજનો મેળો,વિસત માતાનો દિવાસાનો મેળો-આદરીયાણા,ચરમારિયા દાદાનો મેળો – સુન્દરગઢ (સુર્યાનગર),દેરિયાળી મેળો – રણિજતગઢ,નારીચાણા મેળો – નારીચાણા
- મુખ્ય ઉદ્યોગ બેરીંગ ,મશીનરી અને દવાઓ બનાવવાનો છે. આ જિલ્લામાં આવેલા થાનમાં સીરામિક અને દસાડામાં મીઠાંના મુખ્ય ઊદ્યોગો આવેલા છે.
- ગુજરાતની પ્રથમ પુરાતત્વ સાઈટ રંગપુરમાં આવેલી છે.
- ઝવેરચંદ મેઘાણીનું જન્મસ્થળ ચોટીલા છે. ચોટીલા પાંચાળ પ્રદેશ તરીકે વિસ્તાર ઓળખાય છે.
- થાનગઢ માટીના રમકડાં બનાવવા માટેનું જાણીતું સ્થળ છે.
- ગુજરાતમાં મીઠા ઉદ્યોગના મહત્વના કેન્દ્રો ખારાઘોડા અને પાટડી આવેલા છે.
- ઝીઝૂવાડાનો કિલ્લો ૧૧મી સદીમાં સોલંકી શાસક સિધ્ધરાજ જયસિંહેના મંત્રી ઉદયન દ્વારા બંધાવેલ હતો.
- વિશ્વનું સૌથી મોટું વોટર પમ્પિંગ સ્ટેશન સુરેન્દ્રનગરમાં આવેલું છે.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો **Gnan Bhandar** મોબાઈલ એપ્લીકેશન
- જૂનાગઢનો રાજા રા' ખેગારની રાણી રાણકદેવી  રાજાનું મૃત્યુ થવાને કારણે વઢવાણમાં સતી થઈ હતી.
- સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાનાં તરણેતર ખાતે પ્રસિદ્ધ ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદીર ખાતે ભાદરવા વદ ચોથથી છઠ્ઠ સુધી યોજાય છે. તરણેતરનો મેળો એ યૌવન, રંગ, રૂપ, મસ્તી, લોકગીત, દુહા અને લોકનૃત્યનો મેળો છે.
- સુરેન્દ્રનગર જિલ્લાનું વઢવાણ સિદ્ધરાજ જયસિંહના નામ સાથે વણાયેલું છે. આઝાદી પહેલા રજવાડાનું પાટનગર હતું.
- સુરેન્દ્રનગર જિલ્લાનું લીંબડી દેશના ક્રાંતિવીર સરદારસિંહ રાણાનું જન્મસ્થળ છે.
- સુરેન્દ્રનગર જિલ્લાનું સાયલા ગામ લાલજી મહારાજની જગ્યા આવેલી છે જે ' ભગવતનું ગામ' તરીકે જાણીતું છે.
- સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડા તાલુકાના રંગપુરમાંથી પણ હડપ્પા સંસ્કૃતિના અવશેષો મળી આવ્યાં છે.

gnanbhandar.com